# રાજકોટ સહિત અનેક વિસ્તારોમાં ભારે વરસાદ

## રાજકોટમાં ત્રણના મોત : દાહોદમાં પણ વિજળી પડવાથી બેના મોત થયા હોવાના અહેવાલ : રાજકોટમાં કલાકોમાં જ બે ઇંચથી વધુ વરસાદ

અમદાવાદ, તા. ૨

ગુજરાતના જુદા જુદા ભાગોમાં આજે સતત બીજા દિવસે પણ વરસાદનો દોર જારી રહ્યો હતો. જેતપુરમાં વિજળી પડવાના કારણે



યુવતીનું મોત થયું હતું. જુદા જુદા વિજળી પડવાના બનાવોમાં ત્રણના મોત થયા હોવાના અહેવાલ મળ્યા છે જેમાં જેતપુરમાં એક, રાજકોટના મહુડીમાં એક અને નર્મદાના સાવલીમાં એકનું મોત થયું છે. આજે સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં વરસાદની માહોલ અકબંધ રહ્યો હતો. રાજકોટમાં ભારે વરસાદ થયો હતો. જિલ્લાના ઉપલેટા, ધોરાજી, ગોંડલ, જયપુર સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ થયો હતો. રાજકોટમાં એક કલાકમાં જ બે ઇંચ વરસાદ પડી જતાં ચારેબાજુ પાણી ભરાઈ ગયા હતા. જ્યારે વરસાદની મજા માણવા છત ઉપર ગયેલી યુવતી ઉપર વિજળી પડતા મોત થયું હતું. ગુરુવારના દિવસે પણ રાજકોટમાં ત્રણ ઇંચ વરસાદ થયો હતો. આજે સતત બીજા દિવસે રાજકોટમાં ભારે વરસાદ થયો હતો. જેતપુર શહેર અને આસપાસના વિસ્તારોમાં વિજળીના કડાકા સાથે વરસાદ નોંધાયો હતો.

ધોરાજી અને ગોંડલમાં પણ ભારે વરસાદ થયો હતો. ગુજરાત પ્રદેશ અને સૌરાષ્ટ્રમાં વરસાદ થયો હોવાના અહેવાલ મળ્યા છે. બીજી બાજુ અમદાવાદમાં પણ ગાજવીજ સાથે વરસાદી ઝાપટા પડવાની શક્યતા પણ દેખાઈ રહી છે. ગુજરાતમાં માટેની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે હળવાથી મધ્યમ વરસાદી ઝાપટા સૌરાષ્ટ્ર, ગુજરાત પ્રદેશના વિવિધ ભાગોમાં પડી શકે છે. તાજેતરમાં જ કેરળમાં મોનસૂનની એન્ટ્રી થઈ ગયા બાદ હવે લોકો દ્વારા ઉત્સુકતાપૂર્વક મોનસૂનની રાહ ગુજરાતમાં પણ જોવામાં આવી રહી છે. અમદાવાદમાં ગરમીથી લોકોને રાહત મળી રહી નથી. આજે અમદાવાદમાં પારો વધીને ૪૨.૭ સુધી પહોંચ્યો હતો. પાટનગર ગાંધીનગરમાં પારો ૪૩ ઉપર પહોંચી ગયો હતો જ્યારે સુરેન્દ્રનગરમાં પણ પારો ૪૩.૮ સુધી પહોંચ્યો હતો. અન્ય વિસ્તારોમાં પણ તીવ્ર ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. તીવ્ર ગરમી વચ્ચે અમદાવાદ શહેરમાં હાલમાં ફુડ પોઈઝનીંગના બનાવોમાં વધારો થયો છે.આ ઉપરાંત ઠંડકવાળા સ્થળોએ આરામ કરવા,કામ સિવાય બપોરના સમયે બહાર ન નીકળવા અંગે પણ સુચન કરવામાં આવ્યું છે.

આ સાથે જ નાના બાળકો,વૃધ્ધો અને સગર્ભા મહિલાઓની વિશેષ કાળજી લેવા અંગે પણ કહેવામાં આવ્યું છે. ઈમરજન્સીની પરિસ્થિતિમાં ૧૦૮નો સંપર્ક કરવા કહેવામાં આવ્યું છે. એકાએક ગરમી અને હવે આંશિક ઘટાડાના કારણે બાળકોને વધુ અસર થઈ છે. આજે સવારે વરસાદી વાદળા નજરે પડ્યા હતા પરંતુ થોડાક સમય બાદ જ આ વાદળા દેખાયા ન હતા. લોકોએ બહાર નીકળવાનું ટાળ્યું હતું. અમદાવાદમાં તીવ્ર ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. આજે વાદળછાયું વાતાવરણ વચ્ચેના ગાળામાં હોવાના લીધે આંશિક રાહત મળી હતી. હીટવેવના કારણે હાલમાં લૂ લાગવાના બનાવો પણ વધ્યા છે. અમદાવાદ શહેરમાં આવનારા



દિવસોમાં વધી રહેલા તાપમાનના અનુસંધાનમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરીજનોને અતિશય ગરમીથી બચવા માટે કાળજી રાખવા અપીલ પણ કરવામાં આવી છે.

# ગાય માતાને રાષ્ટ્રીય પ્રાણીનો દરજ્જો આપવા કોંગ્રેસની માંગ

અમદાવાદ, તા. ૨

ગાયમાતાના નામ ઉપર રાજનિતી નહીં પણ કાજનિતી થવી જોઈ તે દિશામાં ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસ ઝુબેશ ઉપાડવા તૈયાર છે. સમગ્ર ગુજરાતમાં આગામી દિવસોમાં ગાયમાતાને રાષ્ટ્રીય પશુ જાહેર કરવાની માંગ સાથે ઝુંબેશ યુવક કોંગ્રેસ દ્વારા ઉપાડવામાં આવશે. ગુજરાત ભાજપ શાસનમાં રાજયમાં લાખો હેક્ટર ગૌચરની જમીનો જે રીતે અદાણી જેવા ઉદ્યોગપતિઓને પાણીના ભાવે આપી દેવામાં આવી છે, તેના વિરૂધ્ધમાં યુવક કોંગ્રેસ સમગ્ર રાજયમાં આગામી દિવસોમાં ઝુંબેશ ઉપાડશે. યુવક કોંગ્રેસની ઉગ્ર માંગ છે કે, ભાજપે જે ગૌચરની જમીનો ઉદ્યોગપતિઓને વેચી મારી છે તે પરત આપવામાં આવે. ભાજપને ગાય માટે નહીં પરંતુ ગૌચરની જમીનમાં વધુ પ્રેમ હોય તેવું સરકારની નિતી પરથી સ્પષ્ટ થાય છે. માત્ર અમદાવાદ જિલ્લામાં ગૌચરોની જમીનમાં વધુ પ્રેમ હોય તેવું સરકારની નિતી પરથી સ્પષ્ટ થાય છે. માત્ર અમદાવાદ જિલ્લામાં ગૌચરની જમીનમાં વધુ પ્રેમ હોય તેવું સરકારની નિતી પરથી સ્પષ્ટ થાય છે. તેમ છતાં ભાજપ સરકાર ધણા દબાણો દુર કરવામાં આનાકાની કરી રહી છે. આ ભારત સરકારનું ગુજરાત મોડેલનું ઉત્તમ નમુનો છે. ગુજરાતમાં ૮૦૦ થી વધુ ગાયો ઉપાડી જવાની સરકારી ચોપડે ફરિયાદો થઈ જે અંગે કેટલી ગાયો પાછી આવી અને આ અંગે શું ભાજપ સરકાર દ્વારા કાર્યવાહી કરવામાં આવી તે અંગે ભાજપે જવાબ આપવો જોઈએ. ભાજપના શાસનમાં કેટલા લોકોને ગૌહત્યા સંબંધિત ગુન્હાઓમાં સજા થઈ તે અંગે ભાજપ સરકાર જવાબ આપે. રાજય સરકાર દ્વારા ચલાવવામાં આવતું ગૌરક્ષા બોર્ડ ગાયમાતા અંગે શું કામગીરી કરી તે જાહેર કરે. ચારે બાજુથી ઘેરાયેલી, નિષ્ફળ અને ભ્રષ્ટ ભાજપ સરકાર સત્તા ગુમાવવાના ડરના લીધે ગાયમાતાના નામે રાજનીતી કરી રહી છે. ગાયમાતાની હાલત, ગૌ-આયોગમાં ગૌ શાળાની સબસીડી માટે લાખો રૂપિયાના ભ્રષ્ટાચાર, ઉદ્યોગપતિઓને લાખો ચો.મી ગૌચરની જમીન પાણીના ભાવે વેચી મારવી, ગેરકાયદેસર કતલખાના ધમધમવા, બેરોકટોક લાખો કિ.ગ્રા ગૌમાંસની હેરફેર, ઘાંસચારાના અભાવે, પ્લાસ્ટીક અને પ્રદુષિત પાણીથી ગાયોના મોત અંગે ભાજપ સરકાર જવાબ આવે તેવી માંગ કરતાં ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસ સમિતિના મહામંત્રી પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ જણાવ્યું હતું કે, ગાયમાતાના નામે માત્ર ને માત્ર રાજનિતી કરનાર બની બેઠેલા ગૌરક્ષકો શું યુવક કોંગ્રેસની ઝુંબેશમાં જોડાશે.




રાજ્ય બાળ આયોગ દ્વારા પાટણ તાલુકામાં પાટણ ખાતે 'બાળ-અધિકારી જવાબદારી આપણા સૌની' વિષય અંતર્ગત યોજાયેલ વર્કશોપમાં ડિરેક્ટર ડૉ. રાજુલ દેસાઈ અને અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા તેની તસવીર.

# બાબુ બજરંગીને વધુ સાત દિવસના જામીન

નરોડા પાટિયા કેસમાં આજીવન કેદની સજા પામેલા બજરંગ દળના નેતા બાબુ બજરંગીને ગુજરાત હાઈકોર્ટે આજે વધુ સાત દિવસના હંગામી જામીન લંબાવી આપ્યા હતા. તેની પત્નીની બિમારીના કારણોસર જસ્ટિસ જી.આર.ઉધવાણીએ બાબુ બજરંગીના સાત દિવસના જામીન લંબાવતો હુકમ કર્યોહતો. અગાઉ તા. ૨૨-૫-૨૦૧૭ના રોજ હાઈકોર્ટના જસ્ટિસ બી.એન. કારીઆએ બાબુ બજરંગીને રૂ.૫૦૦૦ના પર્સનલ બોન્ડ પર જામીન પર મુકત કરવાનો હુકમ કર્યો હતો. નરોડા પાટિયા કેસમાં આરોપી બાબુ બજરંગીને આજીવન કેદની સજા સ્પેશ્યલ કોર્ટે ફટકારી હતી. આ કેસમાં જેલમાં રહેલા બાબુ બજરંગીએ પોતાની પત્નીના ઓપરેશનના કારણોસર હાઈકોર્ટમાંથી ૩૦ દિવસના વચગાળાના જામીન માંગતી અગાઉ અરજી કરી હતી. જેમાં અરજદારપક્ષ તરફથી એવી રજૂઆત કરાઈ હતી કે, અરજદારની પત્નીનું ગર્ભાશયની ગાંઠનું ઓપરેશન હોઈ તેની સારસંભાળ અને તેની સાથે રહેવુ અનિવાર્ય હોઇ હાઈકોર્ટે માનવીય અભિગમ અપનાવી અરજદારને કામચલાઉ જામીન આપવા જોઇએ.

# ભારત-પાકિસ્તાન વચ્ચે રમાનાર મેચ અંગે શહેર કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન

ગાંધીનગર, તા. ૨

પાકિસ્તાન તરફથી એકબાજુ વારંવાર સીમા ઉલ્લંઘન કરવામાં આવે છે. આપણા દેશના શહીદ જવાનોના પાર્થિવ સરીર સાથે બર્બરતાપૂર્વક વ્યવહાર કરવામાં આવે છે. કાશ્મીરના યુવાનોના હાથમાં પથ્થર આપી કાશ્મીર અને ભારત દેશની શાંતિ ડહોળવાના પ્રયાસો કરવામાં આવે છે. અને પાકિસ્તાન દ્વારા ભારત વિરૂદ્ધ આતંકી પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવામાં આવે છે. ત્યારે ભારતીય ક્રિકેટ ટીમ અને પાકિસ્તાન ટીમ વચ્ચે મેચ રમાવાની છે. વર્તમાન શાસકો દ્વારા ભારત દેશના સૌથી મોટા દુશ્મન દેશ સાથે રમાનાર મેચ તાત્કાલિક ધોરણે મોકુફ રાખવી જોઈએ. કોંગ્રેસ પાર્ટી પાકિસ્તાન સાથે રમાનાર મેચનો સખ્ત વિરોધ કરે છે. તાજેતરમાં જ પાકિસ્તાનના નાપાક સૈનિકો દ્વારા ભારતના બે શહીદવીરોના પાર્થિવ શરીર સાથે માનવતાવિહીન કૃત્ય કરી શહીદોના માથા લઈ ગયા હતા.

જેથી આખો દેશ આક્રોશમાં છે. ત્યારે દુશ્મન દેશ સાથે મેચ રમવુ દેશ અને શહીદોને ઘોર અપમાનજનક છે. ત્યારે ગાંધીનગર શહેર-જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા પાકિસ્તાન સાથે રમાનાર મેચનો વિરોધ કરવાનો કાર્યક્રમ તા. ૪-૬-૨૦૧૭ના રોજ રવિવારે સવારે ૯.૩૦ થી ૧૦.૩૦ કલાકે સત્યાગ્રહ છાવણી સે. ૬ ખાતે રાખવામાં આવેલ છે. તેમ ગાંધીનગર શહેર-કોંગ્રેસ સમિતિના પ્રમુખ ડૉ. કૌશિક શાહે અખબારી યાદીમાં જણાવ્યુ છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



પાંજરાપોળ અને ગૌશાળાઓ માટે
રાજ્ય સરકારનો મહત્ત્વનો નિર્ણય



શ્રી નરેન્દ્રભાઈ મોદી, પ્રધાનમંત્રી, ભારત
શ્રી વિજય રૂપાણી, મુખ્યમંત્રી, ગુજરાત

ગુજરાત સરકારના
વન અને મહેસૂલ વિભાગ હસ્તકના
ઘાસડેપો ઉપરથી અછત અને અસરગ્રસ્ત જિલ્લાના પશુધન માટે
રજિસ્ટર્ડ પાંજરાપોળ અને ગૌશાળાઓને
પ્રતિદિન પશુદીઠ ૪ કિ.ગ્રા. ઘાસ રૂા.૨/- ના રાહતદરે આપવાનો નિર્ણય



•રાજકોટ •ભાવનગર •જૂનાગઢ •જામનગર •પોરબંદર •અમરેલી •સુરેન્દ્રનગર
•દેવભૂમિ દ્વારકા •કચ્છ •મોરબી •ગીર સોમનાથ •બોટાદ
•અમદાવાદ •ગાંધીનગર •બનાસકાંઠા •સાબરકાંઠા •અરવલ્લી •મહેસાણા
•પાટણ જિલ્લાના પશુધનને મળશે લાભ

ગૌમાતા અને ગૌવંશ સહિત
સમગ્ર પશુધન પ્રત્યે રાજ્ય સરકારની સંવેદના
ગૌસેવા અને મૂંગા પશુધન પ્રત્યે ગુજરાત સરકાર સંવેદનશીલ છે.
શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત